ગાંધીનગર સમાચાર
તા. ૯-૯-૨૦૧૪, મંગળવાર

તંત્રી સ્થાનેથી....

વિજ્ઞાન અને વિકાસને સમાંતર શ્રદ્ધાનાં ઘોડાપૂર

ગુજરાતમાં શ્રદ્ધાભક્તિ અન્ય પ્રદેશોની સરખામણીએ વધારે કેમ જોવા મળે છે? ભક્તિ વિશે એવું કહેવાય છે કે એ ગુજરાતમાં આવીને ઘરડી થઇ જાય છે. 'વૃદ્ધ' શબ્દનો અર્થ વધતું જતું કરીએ તો સમજાશે કે દક્ષિણમાં જન્મેલી અને ઉત્તરમાં વિકસેલી ભક્તિમાં ગુજરાત પ્રદેશમાં ઘોડાપૂર આવે છે. આ બાબત ભગવાન વેદવ્યાસના મહાભારતકાળથી આજના જમાનાના માનવીમાં પ્રતિબિંબિત થતી જોઇ શકાય છે. અંબાજી ગુજરાતનાં અધિષ્ઠાત્રી દેવી છે. નર્મદે ગુજરાતનું જય ગાન લખતાં પણ સૌથી પહેલાં અંબાજી માતાને યાદ કરે છે - 'ઉત્તરમાં અંબા માત -' આ અંબા એટલે જગજનની, દુર્ગા, પાર્વતી - એને જે સ્વરૂપે જુઓ તે. મહાકાલી, મહાલક્ષ્મી, મહાસરસ્વતીનું એ ત્રિવેણી સંગમ જેવું સ્વરૂપ. અંબાજી આરાસુરની જોગમાયા છે. દક્ષ પ્રજાપતિના યજ્ઞકુંડમાં સદેહે હોમાઇ ગયેલી સતીનો દેહ લઇ શિવજીએ તાંડવ નૃત્ય કર્યું અને પછી વિષ્ણુ ભગવાને એમનો આક્રોશ શમાવવા સુદર્શન ચક્ર ચલાવી સતીના શબના જે ટુકડા કર્યા તે પૈકીનો હૃદયભાગ ગબ્બર પર પડ્યો હોવાની માન્યતા છે. એ સંદર્ભે જોતાં એકાવન શક્તિપીઠો પૈકી અંબાજી સૌથી અગત્યની અને સંવેદનશીલ ગણાય. છેલ્લા ત્રણ ચાર દાયકાથી પદયાત્રા કરી ભાદરવી પૂનમે અંબાજીનાં દર્શન કરવાનો મહિમા એટલો વધી ગયો છે કે ભાદરવાના પહેલા પખવાડિયા દરમિયાન ગુજરાત-સૌરાષ્ટ્ર કે મારવાડના તમામ રસ્તા અંબાજી તરફ વળી જતા વરતાય છે. લોકો ક્યાં ક્યાંથી દોડી આવે છે! બાધાઓ લઇને કાં તો લીધેલી બાધાઓ ઉતારવા અથવા શુદ્ધ ભક્તિભાવથી વરસતા વરસાદમાં આબાલવૃદ્ધ માઇલોના માઇલો પગપાળા ચાલી નાખે છે. આડા દિવસે વેંત છેટે જવાનું હોય તો પણ માણસ કોઇને કોઇ વાહન શોધે છે, જ્યારે આ સેંકડો કિ.મી.નું અંતર એ લેશ પણ ખંચકાટ વગર પગપાળા - ક્યારેક તો ઉઘાડા પગે અને ગોઠીમડાં ખાતાં ખાતાં કાપી નાખે છે. વિજ્ઞાન અને વિકાસના યુગમાં દિવસોનાં દિવસો સુધી રસ્તાઓ પદયાત્રીઓથી ઊભરાતા રહે, એ ચમત્કાર જ ગણાય. માતાજી તો દયાળુ છે. આવા ભક્તોનું યોગક્ષેમ જાળવવા એ સખી દાતાઓ અને રસ્તે આવતાં ગામડાંના ગ્રામજનોને પ્રેરણા આપી એમની વ્યવસ્થા કરાવી દે છે. અમદાવાદ ગાંધીનગર જેવા શહેરોના રાજમાર્ગોથી લઇ અંતરિયાળ આદિવાસી વિસ્તારો પર્યંત રેનબસેરા ઊભા થઇ જાય છે. પદયાત્રી ઘરેથી પહેરે લૂગડે નીકળ્યો હોય તોય માતાજીના પારે પહોંચે ત્યાં સુધી એને ક્યાંય કશી વાતની ખોટ રહેતી નથી. આવા ભક્તિપર્વની પાવન પૂર્ણાહૂતિ પ્રસંગે જગજનની મા અંબા સૌના યોગક્ષેમની રખેવાળી કરે, ગુજરાત સહિત સમસ્ત હિંદુસ્તાન બલકે સમસ્ત સૃષ્ટિમાં વસતા જીવમાત્ર પર સાર્થક જીવન જીવવાના આશીર્વાદ ઊતરે, એ જ અભ્યર્થના.

શહેરના સેક્ટર-૨૧માં આવેલ માઉન્ટ કાર્મેલ શાળામાં જ્ઞાન સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. શાળામાં પાંચ દિવસ દરમિયાન સ્વચ્છતા અભિયાન, વર્ગ સુશોભન, સુલેખન, પૌષ્ટિક આહાર દિવસ, પ્રભાત ફેરી, ક્વિઝ સ્પર્ધા અને ૫ મી સપ્ટેમ્બરના દિવસે શિક્ષક દિવસ ઉજવણી કાર્યક્રમનું સમાપન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન સિસ્ટર રેણુકાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

કડી કેમ્પસમાં ૩૩૮ બાળકોનું થેલેસેમિયા પરીક્ષણ કરાયું

ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી અને કેબી ફાર્મસી કોલેજના એનએસએસ યુનિટના સંયુક્ત ઉપક્રમે થેલેસેમિયા નિદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૮

કડી સર્વ વિદ્યાલય કેમ્પસમાં આવેલ કેબી ફાર્મસી કોલેજના એનએસએસ યુનિટ દ્વારા થેલેસેમિયા નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ દરમિયાન કડી સંકુલની વિવિધ શાળાઓના કુલ ૩૩૮ બાળકોને થેલેસેમિયાનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ કાર્ય ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીના સહયોગથી હાથ ધરાયું હતું.

થેલેસેમિયાના રોગ પર નિયંત્રણ મેળવવા તેની ચકાસણી અત્યંત જરૂરી છે. ઘણા લોકોને થેલેસેમિયા જન્મથી હોય છે પરંતુ તેની જાણ હોતી નથી. અમદાવાદની ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી દ્વારા સે. ૨૩માં આવેલ કડી કેમ્પસમાં આવેલ શાળાઓમાં થેલેસેમિયા નિદાન કેમ્પનું આયોજન હાથ ધર્યું હતું અને કુલ ૩૩૮ બાળકોનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ સેવા કાર્યમાં કેબી ફાર્મસી કોલેજના એનએસએસ યુનિટના સ્વયંસેવકો વિશાલ બારોટ, જયમીન શાહ, જોલી પટેલ, ખિલન પટેલ, મોહિત બુદ્ધદેવ, નયન પટેલ, જીનલ પટેલ અને અન્યોએ તેમની સેવાઓ આપી હતી.

શૈક્ષણિક પ્રવાસ યોજાયો

સેક્ટર-૭ માં આવેલ શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય દ્વારા એક દિવસીય શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રવાસમાં વિદ્યાર્થીનીઓ દ્વારા સમેસ્વર, લાડોલ, મહુડી, અંબોડ મીની પાવાગઢ અને મુક્તિધામ ગાંધીનગરની મુલાકાત લેવામાં આવી હતી. પ્રવાસમાં શાળાની ૧૦૬ વિદ્યાર્થીનીઓ જોડાઈ હતી.

આલમપુર પ્રાથમિક શાળામાં મહિલા સ્વ-બચાવની પ્રશિક્ષણ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૮

ગુજરાત સરકારના સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા આલમપુર પ્રાથમિક શાળામાં વાડો કાઈ કરાટે-ડૉ એકેડેમી દ્વારા તાજેતરમાં શાળાની કુલ ૭૩ વિદ્યાર્થીનીઓ માટે ૧૧ દિવસની સ્વ-બચાવની શિબિર યોજવામાં આવીહતી. આ શિબિરમાં કરાટેની તાલીમ પ્રશિક્ષક સુરેન્દ્રસિંહ વાઘેલા અને મદદનીશ હિરેનસિંહ વાઘેલા દ્વારા આપવામાં આવી હતી. જેમાં કીક, પંચ, બ્લોક સહિત અન્ય સ્વ-બચાવની બેઝીક ટેકનીક્સની તાલીમ આપવામાં આવી. આ તાલીમના સમાપન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ચિલોડા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી કે.એમ. પ્રિયદર્શી, વાડો કાઈ કરાટે-ડૉ એકેડેમીના ટેકનીકલ ડિરેક્ટર શ્રી શીહાન અરવિંદ રાણા અને શાળાના આચાર્યશ્રી સમીરકુમાર પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

સમાપન સમારોહમાં પી.આઈ. પ્રિયદર્શીએ કહ્યું વિદ્યાર્થીનીઓને વર્તમાન સમયમાં સ્વ-બચાવ માટે સજ્જ થવાની ખાસ જરૂર છે. જ્યારે શીહાન અરવિંદ રાણાએ વિદ્યાર્થીઓને પ્રતિજ્ઞા લેવડાવી કે દરેક વિદ્યાર્થીની દર શનિવારે પી.ટી.ના પીરીયડમાં શીખેલી ટેકનીક્સની પ્રેકટીસ કરશે. જ્યારે શાળાના આચાર્યશ્રીએ પોતાની સ્પીચમાં રાણા સરને પ્રોમીસ આપ્યું કે તેઓ આ કરાટેની ટેકનીક્સની પ્રેકટીસ માસ પી.ટી.ના પીરીયડમાં કરાવશે તથા તેઓએ અરવિંદ રાણા, પી.આઈ. પ્રિયદર્શી, પ્રશિક્ષક સુરેન્દ્રસિંહ વાઘેલાનો આભાર માન્યો હતો.

ચેરિટી માટે પત્તાની જોડ નાટક યોજાશે

જૈન સોશ્યલ ગ્રુપ, ઓલ્ડ એજ ફાઉન્ડેશન દિલ્હી દ્વારા ક્રિષ્ના વૃધ્ધાશ્રમના લાભાર્થે 'પી ખરસાણી' દિગ્દર્શીત 'પત્તાની જોડ' નાટક યોજાશે. તા. ૧૮મી સપ્ટેમ્બરના રોજ ટાઉનહોલ ગાંધીનગર ખાતે ચેરિટી શૉ યોજવામાં આવનાર છે. શૉ નિહાળવા માટે ઈચ્છુક દર્શકો અને દાતાઓએ નાટકના પાસ ક્રિશ્ના વૃધ્ધાશ્રમ સે-૬ ખાતેથી બપોરે ૧ થી ૪ દરમિયાન મેળવી લેવાના રહેશે.

ડભોડા એમ.એચ. વિદ્યામંદિરમાં શિક્ષક દિવસ ઉજવાયો

ડભોડાની શ્રી એમ.એચ. વિદ્યામંદિરમાં જ્ઞાન સપ્તાહ ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ શાળામાં યોજવામાં આવી હતી. જેમાં દેશભક્તિગીત, જેમની યાદગીરીરૂપે શિક્ષક દિવસ મનાવવામાં આવે છે તેવા ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જીવન ઝરમર પર ઝાંખી, વક્તૃત્વ સ્પર્ધા અને ક્વીઝ સ્પર્ધા યોજવામાં આવી હતી. તેમજ ૫ મી સપ્ટેમ્બરે શાળામાં શિક્ષક દિન મનાવવામાં આવ્યો હતો. જેમાં ધોરણ-૧૨ ના કિંજલ વિહોલા પ્રથમ, કૃણાલ પંચાલ બીજો અને કિંજલ પંચાલે ત્રીજો નંબર મેળવ્યો હતો.

સિધ્ધાર્થ લૉ-કોલેજમાં જ્ઞાન સપ્તાહની ઉજવણી

સિધ્ધાર્થ લૉ-કોલેજ સેક્ટર-૧૬માં જ્ઞાન સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. તા. ૧ થી ૫ સપ્ટેમ્બર દરમિયાન કોલેજમાં વિવિધ કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. જેમાં નિબંધલેખન, પોસ્ટર મેકિંગ, સુલેખન, કાવ્યપઠન, ક્વીઝ સ્પર્ધા, બેટીબચાવો, જેવી સ્પર્ધાઓ અને કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. તમામ કાર્યક્રમમાં ભાગ લેનાર શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન યોજાયું

ગાંધીનગર, તા. ૮

શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ, સેક્ટર-૨૩ ગાંધીનગરના વર્ષ-૧૯૯૦ માં ધોરણ ૧૦ તેમજ વર્ષ-૧૯૯૨ માં ધોરણ-૧૨ ભણી ગયેલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા સ્નેહમિલન અને ગુરુવંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમનો શુભઆરંભ દિપપ્રાગટ્ય સંસ્થાના ટ્રસ્ટીશ્રી જ્ઞાનપ્રકાશ શાસ્ત્રી સ્વામી તેમજ રામકૃષ્ણ સ્વામી તથા અક્ષરપ્રકાશ સ્વામીના વરદ હસ્તે કરવામાંઆવેલ તથા શાસ્ત્રી સ્વામીજીએ શુભ આશીષ પાઠવેલ અને કાર્યક્રમને વધારે શોભાયમાન કરવા શાળાના આચાર્યશ્રીઓ તેમજ ભૂતપૂર્વ શિક્ષકમિત્રો અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી શાળાના સંસ્મરણો તાજા કર્યા હતા અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા ગુરુઓનું શાલ ઓઢાડી તેમજ પુષ્પગુચ્છ આપીને સન્માનિત કરવામાં આવેલ, આમ આ સંપૂર્ણ કાર્યક્રમ આનંદ ઉલ્લાસ સાથે ઉજવાયો હતો. કાર્યક્રમનું આયોજન ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

હરિની દૃષ્ટિ...

જ્ઞાનકુંભ - દર્શન મારૂ વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૩માં ગુજરાતનો વસતીની દૃષ્ટિએ ભારતમાં કયો ક્રમ છે?
➜ **૧૦મો ક્રમ**
૨. ૨૦૧૩માં વસ્તી ગણતરી મુજબ સૌથી વધારે ટકા વસ્તી વધારો ગુજરાતમાં કયા જિલ્લામાં થયો છે?
➜ **૪૨.૨૪ ટકા**
૩. ગુજરાતમાં સૌથી વધુ વસ્તી ધરાવતો જિલ્લો કયો છે?
➜ **અમદાવાદ**
૪. ગુજરાતમાં સૌથી વધુ ગ્રામ્ય વસ્તી ધરાવતો જિલ્લો કયો છે?
➜ **બનાસકાંઠા**
૫. ગુજરાતમાં સૌથી વધુ વસ્તી ગીચતા ધરાવતો જિલ્લો કયો છે?
➜ **સુરત**
૬. ગુજરાતમાં સૌથી ઓછી વસ્તી ગીચતા ધરાવતો જિલ્લો કયો છે?
➜ **કચ્છ**
૭. ગુજરાતમાં ગ્રામ્ય સ્તરે સૌથી વધુ પુરૂષ સાક્ષરતા ધરાવતો જિલ્લો કયો છે?
➜ **આણંદ**
૮. ગુજરાતમાં ગ્રામ્ય સ્તરે સૌથી વધુ મહિલા સાક્ષરતા ધરાવતો જિલ્લો કયો છે?
➜ **નવસારી**
૯. ગુજરાતમાં શહેરીક્ષેત્રે સૌથી વધુ પુરૂષ સાક્ષરતા ધરાવતો જિલ્લો કયો છે?
➜ **મહેસાણા**
૧૦. ગુજરાતમાં શહેરી ક્ષેત્રે સૌથી વધુ મહિલા સાક્ષરતા ધરાવતો જિલ્લો કયો છે?
➜ **વડોદરા**
૧૧. ગાંધીનગરના પ્રખ્યાત મહાત્મા મંદિરની ડિઝાઈન માટે અમદાવાદની કઈ સંસ્થાને રાષ્ટ્રીય એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો?
➜ **'સેપ્ટ' સંસ્થા**
૧૨. ૨૦૧૩માં રાજયમાં સરકારે ૧૭ વર્ષ જૂની કઈ યોજના ઉપર પૂર્ણ વિરામ મુકી દીધું છે?
➜ **ગોકુળ ગ્રામ યોજના**
૧૩. ૨૦૧૪માં બિહારમાંથી ૧૫૦૦ વર્ષ જૂની કઈ યુનિવર્સિટીના અવશેષો મળી આવ્યા છે?
➜ **તિલાધક મહાવિશ્વવિદ્યાલય**
૧૪. ૨૦૧૪માં વિશ્વનું સૌથી લાંબુ રેલવે પ્લેટફોર્મ ક્યું જાહેર કરવામાં આવ્યું છે?
➜ **ગોરખપુર**
૧૫. ભારત-ચીન ૨૦૧૪ને કયા વર્ષ તરીકે ઉજવશે?
➜ **મૈત્રી વર્ષ**
૧૬. ૨૦૧૪માં વિશ્વ આયુર્વેદિક મહોત્સવ કયા રાજયમાં યોજાયો હતો?
➜ **કેરલ**
૧૭. ૨૦૧૪નો રામાનુજ ગણિત પુરસ્કાર કોને આપવામાં આવ્યો હતો?
➜ **આનંદ કુમાર**
૧૮. ૨૦૧૪માં ખજૂરાઓ નૃત્ય મહોત્સવ કયા પ્રદેશમાં યોજાયો હતો?
➜ **મધ્યપ્રદેશ**
૧૯. ૨૦૧૪માં કેન્દ્રીય રીઝર્વ પોલીસદળના સ્થાપનાના કેટલા વર્ષ પૂર્ણ થયા હતા?
➜ **૭૫ વર્ષ**
૨૦. ૨૦૧૪માં ભારતના કયાં શહેરમાં મેટ્રો રેલનો પ્રારંભ કરવામાં આવ્યો છે?
➜ **મુંબઇ**

॥ અહો આશ્ચર્યમ્ ॥

ટોલ્સટોયની વાર્તાઓનો સંસ્કૃત અનુવાદ : ટાલ્સ્ટાયકથાસપ્તમ્

રશિયન સાહિત્યકાર મહાત્મા લિયો ટોલ્સટોયનો જન્મ તા. ૯ સપ્ટેમ્બર ૧૯૨૮ના રોજ થયો હતો. ઈ.૧૯૧૦ના નવેમ્બર માસમાં એમનું અવસાન થયું. રશિયામાં એમને મહાત્મા ગાંધી અને રવીન્દ્રનાથ ટાગોર જેવું સન્માન છે. સાહિત્યકલાના માધ્યમથી એમણે માનવતા, ધાર્મિકતા, નીતિમત્તા, પ્રેમભાવના - આ બધાં જીવન મૂલ્યોને ઉત્તમ રીતે પ્રગટ કર્યાં છે. એમણે વાર્તા, નાટક, નિબંધ વગેરે સાહિત્ય સ્વરૂપો સરસ રીતે અજમાવ્યાં છે.

વારાણસીમાં સંપૂર્ણાનંદ સંસ્કૃત યુનિવર્સિટીના શોધસંસ્થાનમાં નિયામક તરીકે ડૉ. ભાગીરથ પ્રસાદ ત્રિપાઠી હતા. એમનું ઉપનામ વાગીશ શાસ્ત્રી છે. એમણે ઈ. ૧૯૫૯ના ઓગસ્ટ માસમાં ટોલ્સટોયની સાત વાર્તાઓનો સંસ્કૃતમાં અનુવાદ કર્યો હતો. અયોધ્યાથી સંસ્કૃતમાં 'સંસ્કૃતમ્' નામે સામાહિક પ્રકાશિત થતું હતું, એમાં ૧૯૬૦-'૬૧ માં આ વાર્તાઓ ક્રમશઃ પ્રકાશિત થઈ. ત્યારપછી સામાહિકના તંત્રી પં. કલિકા પ્રસાદ શાસ્ત્રીનો આગ્રહ હતો; તેથી વાગીશ શાસ્ત્રીએ આ સાત વાર્તાઓને સંગ્રહરૂપે ઈ. ૧૯૭૦માં પ્રકાશિત કરી અને એને 'ટાલ્સ્ટાય-કથાસપ્તકમ્'એવું નામ આપ્યું. ચૌખંબા વિદ્યાલય ભવન (વારાણસી) દ્વારા આ નવલિકા સંગ્રહ પ્રકાશિત થયો. આને એવી પ્રસિદ્ધિ મળી કે ઈ. ૧૯૮૪માં આની ત્રીજી આવૃત્તિ થઈ. અનુવાદ કલાની દૃષ્ટિએ એટલો સરસ છે કે સંસ્કૃતમાં સ્વતંત્રપણે રચાયેલી મૌલિક રચનાઓ લાગે. રશિયન કથાઓને તદ્દન ભારતીય પરિવેશમાં મુકી આપી છે. વ્યક્તિ વિશેષનું નામ 'અક્ષય નફ્' હોય તો તે 'હરવંશપાલ' આપે. 'રૂબલ'ને સ્થાને 'રૂપિયા' આપે. સ્થળો પણ 'કર્પૂરદ્વીપ' 'કાલીકાતા' આપે. પ્રયોજાયેલી સંસ્કૃત ભાષા સરળ છે અને હિન્દી કે એવી બીજી કોઈ ભાષાનો પ્રભાવ ઝીલેલો નથી. આ નવલિકા સંગ્રહને ઉત્તરપ્રદેશની રાજયસરકાર દ્વારા પુરસ્કાર પ્રાપ્ત થયો છે. એમનું એક સુભાષિત છે -

દર્શને સ્પર્શને વાપિ શ્રવણે ભાષણેપિ વા।
હૃદયસ્ય દ્રવત્વં યત્ તત્ પ્રેમેથિ નિગદ્યતે॥

(પ્રિય વ્યક્તિના દર્શન, સ્પર્શ, શ્રવણ અથવા ભાષણ વખતે હૃદય દ્રવી જાય તો તે 'પ્રેમ કહેવાય' છે)

આ સંગ્રહમાં એક વાર્તા છે - પ્રશ્નત્રયી. (ત્રણ પ્રશ્નો) :-

કોઈ એક રાજા હતો. એને મનમાં ત્રણ પ્રશ્નો સતાવ્યા કરતા હતા, તેમના જવાબ સૂઝતા ન હતા. એણે નગરમાં દાંડી પીટાવી કે જે કોઈ આનું સમાધાન આપશે, તેને પુરસ્કાર મળશે. અનેક વિદ્વાનોએ પોતાની રીતે જવાબો આપ્યા; પણ રાજાને સંતોષ ન થયો. કોઈકે એને કહ્યું કે 'ગામની બહાર પર્ણકુટિમાં એક સિદ્ધપુરૂષ રહે છે, તેને મળો. પરંતુ તે સામાન્ય ગ્રામજનોને જ દર્શન આપે છે.'

પ્રસંગસર
ટોલ્સટોય જન્મદિવસ
૯ સપ્ટેમ્બર
રશ્મિકાન્ત મહેતા


॥ श्रीः ॥
विद्याभवन संस्कृत ग्रन्थमाला
१५६
टालस्टाय-कथासप्तकम
(उत्तरप्रदेश सरकार द्वारा पुरस्कृत)
भाषान्तरकारः
डॉ॰ भागीरथप्रसादत्रिपाठी 'वागीश शास्त्री'
भू॰ पू॰ निदेशकः, अनुसन्धानसंस्थानस्य
सम्पूर्णानन्दसंस्कृतविश्वविद्यालये, वाराणस्याम्
चौखम्बा विद्याभवन
वाराणसी

રાજા તેને મળવા ગયો. પોતાના લાવલશ્કરને દૂર રાખ્યું. પોતે તદ્દન સામાન્ય માણસની જેમ તેમની પાસે ગયો. તેણે ત્રણ પ્રશ્નોનું સમાધાન પુછ્યું.

(૧) કોઈ પણ કાર્ય કરવા માટેનો યોગ્ય અને ઉત્તમ સમય કયો?
(૨) કોઈ પણ કાર્યમાં સલાહ લેવા લાયક ઉત્તમ મનુષ્ય કયો?
(૩) કરવા લાયક ઉત્તમ કાર્ય કયું?

સિદ્ધ પુરૂષે જવાબ ન આપ્યા. પોતે કોદાળીથી કયારા ખોદતા હતા, તે ચાલુ રાખ્યું. તેને ખૂબ પરસેવો થયો એટલે દયા ખાઈને રાજાએ કોદાળી લીધી અને જાતે ખોદવા લાગ્યો. સાંજ પડી ગઈ. રાજાએ વિનંતી કરી કે જવાબ સૂઝતા ન હોય તો કશો વાંધો નહિ, હું જાઉં.'

એવામાં કોઈ અજાણ્યો પુરૂષ સખત ઘાયલ થઈને આવ્યો અને બેભાન થઈને પડ્યો. રાજાએ પોતાના કપડાં ફાડીને પણ પાટા બનાવ્યા અને તેની સારવાર કરી. તેણે પર્ણકુટિમાં ઊંચકીને લઈ ગયો. રાજા પોતે પણ થાકીને સૂઈ ગયો.

સવારે ઘાયલ પુરૂષ ભાનમાં આવ્યો. તેણે રાજાને કહ્યું 'મને માફ કરી દો.' રાજાને આશ્ચર્ય થયું, 'તું તો પહેલી જ વાર મળ્યો છો. હું તને ઓળખતો પણ નથી. તો માફી શાને માગે છે?' ઘાયલ પુરૂષે વૃત્તાન્ત કહ્યો, 'તમે મારા ભાઈને વધદંડની સજા કરી અને તેની સંપત્તિ હરી લીધી. એનો બદલો લેવા હું તમારી હત્યા કરવાનો હતો. તમે 'પર્ણકુટિમાં એકલા આવ્યા છો.' તેની જાણ થતાં અહીં આવ્યે પણ તમે તમારા સૈનિકો મને ઓળખી ગયા અને મારા પર પ્રહાર કર્યા. હું જીવ બચાવવા અહીં આવી ગયો. તમે મને સારવાર ન આપી હોત તો હું મરી જાત. હું તમારી હત્યા કરવા માગતો હતો, તો તમારાથી મને જીવનરક્ષા મળી.' રાજા પ્રસન્ન થયો. નગરમાંથી વૈદ્યને બોલાવીને સેવકો સાથે વિદાય કર્યો.

સિદ્ધ પુરૂષે રાજાને કહ્યું, 'તારી પાસે જ તારા પ્રશ્નોના જવાબ છે :

(૧) 'ગઈકાલે મેં જવાબો ન આપ્યા છતાં તું રોકાઈ ગયો. એ સમયે તારે માટે યોગ્ય અને ઉત્તમ હતો. ધીરજ ન રાખીને, તું નીકળી ગયો હોત તો આ તને મારી નાખત. જે સમયે હોય તેને જ ઉત્તમ માનવો.

(૨) આ સમયે હું તારી સાથે હતો, તેં મારી વાત માની, મારી સેવા કરવા રોકાયો; તારે માટે હું ઉત્તમ જન. આ સમયે જે સાથે હોય, તે ઉત્તમ જ છે.

(૩) એક અજાણ્યા માણસની પણ તેં જ રીતે સેવા કરી, તે ઉત્તમ કાર્ય છે. પરમાર્થ છે, તે જ ઉત્તમ કાર્ય છે.'

બનેલી ઘટનાઓને પ્રશ્નો સાથે સાંકળીને સિદ્ધપુરૂષે જે સમાધાન કર્યું; તેનાથી રાજાને સંતોષ થયો.

મહાન સાહિત્યકાર મહાત્મા ટોલ્સટોયના જન્મદિને એમનું પુણ્યસ્મરણ અને એમની કથાઓને સંસ્કૃતમાં ઉતારનાર વાગીશ સાસ્ત્રીને અભિનંદન.